દાદા ભગવાન પરિવારનું

ડીસેમ્બર ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



Sweet Sixteen

Nirumaa...

# Sweet Sixteen Niruma

## સંપાદકીય

*બાળમિત્રો,*

*આ મહીનામાં આપણા લાડલા નીરુમાને ૭૫ વર્ષ પૂરા થયા. તેઓ નાના હતા ત્યારે એમનામાં ઘણી ખૂબીઓ હતી, જે જાણીએ તો આપણને નવાઈ લાગે કે ઓહોહો...નીરુમા આવા હતા...*

*આ અંકમાં એમના વિષેની સરસ મજાની વાતો મૂકવામાં આવી છે. જે વાંચવાની મજા આવે એવું છે. તો આવો, નીરુમા વિષે જાણીએ અને એમના જેવા બનવાનો નિશ્ચય કરીએ.*

*અને હા....એમને બર્થ ડે વિશ કરીએ....*
*હેપ્પી બર્થ ડે ટુ નીરુમા.......*
*હેપ્પી બર્થ ડે ટુ યુ.....*

- ડિમ્પલ મહેતા

# અક્રમ એક્સપ્રેસ


Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૨, અંક : ૪
સળંગ અંક : ૧૩૬
ડીસેમ્બર ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# નીરુમાનું બાળપણ





**જન્મ :**

ઔરંગાબાદ શહેરમાં અમીન પરિવારમાં ૨જી ડિસેમ્બર માં થયો હતો.

**કુટુંબ :**

માતા-પિતા અને પાંચ ભાઈઓ વચ્ચે નીરુમા એકના એક દીકરી હતા.

નીરુમાના મધરને દીકરીની બહુ ઈચ્છા હતી. પણ એમના ઘરે એક પછી એક એમ પાંચ પુત્રોનો જન્મ થયો. તેથી એમણે દીકરી માટે માનતા માની. ત્યાર બાદ નીરુમાનો જન્મ થયો. એમના માતા-પિતાની ખુશીનો પાર ન રહ્યો. આ ખુશી ઉજવવા ઔરંગાબાદ શહેરમાં એમના ફાધરે પોતાના ઘરે બેન્ડવાળાને બોલાવ્યા હતા. નીરુમા નાના હતા ત્યારે બહુ હેલ્ધી હતા.

## હુલામણું નામ :

નીરુમાના ફાધરને સિનેમાનો બિઝનેસ હતો. એમના પોતાના ઘણા થિયેટરો હતા. નીરુમાનો જન્મ થયો, ત્યારે એમના થિયેટરમાં 'તાનસેન' પિક્ચર ચાલતું હતું. એમાં જે હિરોઈન હતી, તેનું નામ તાની હતું. તેથી નીરુમાને બધા તાની કહીને બોલાવતા.

## સાચું નામ :

એમનું ખરું નામ નિરંજના હતું. પણ બધા એમને નીરુ કહીને બોલાવવા લાગ્યા. ખરી રીતે જન્માક્ષરમાં એમનું નામ કપીલા હતું.







## દેખાવ અને પહેરવેશ :

નીરુમા નાના હતા, ત્યારે દેખાવમાં જાડા હતા. શરીર ભરાવદાર અને મોઢું ગોળમટોળ હતું. એમના વાળ લાંબા હતા.

તેઓ બહુ સ્ટાઈલિશ હતા. તેઓ નાના હતા ત્યારે ફ્રોક પહેરતા અને મોટા થતાં સ્કર્ટ-બ્લાઉઝ પહેરતા હતા. ઘરમાં કાયમ બ્લાઉઝ અને લાંબા ઘાઘરા પહેરતાં હતા. કોલેજના ફાઈનલ યરમાં સાડી જ પહેરતા હતા.





## ભણતર :

નીરુમા છ-સાત વર્ષના હશે, ત્યારે એમને સ્કૂલમાં દાખલ કરેલા. પહેલા દિવસે એમના ફાધર બેન્ડવાજા સાથે લઈ ગયેલા સ્કૂલમાં. નીરુમા એકથી ચાર ધોરણ ગુજરાતી મિડીયમમાં, પાંચથી દસ ધોરણ મરાઠી મિડીયમમાં અને કોલેજ ઇંગ્લીશ મિડીયમમાં ભણેલા. સ્કૂલ એમણે મુંબઈમાં કરી, કોલેજ ઔરંગાબાદમાં કરી અને પછી મેડીકલનું આગળનું ફરી મુંબઈમાં ભણ્યા. તેઓ ગાયનેકોલોજીસ્ટ સ્ત્રીરોગના નિષ્ણાંત ડીપ્લોમા ભણ્યા. ત્યાર બાદ એમ.ડી.માં એડમીશન લીધેલું.

ભણવામાં પહેલેથી જ એમને ફર્સ્ટ ક્લાસ ગોલ્ડ મેડલ જ આવે. એમ.બી.બી.એસ. કર્યું એમાં પણ ફર્સ્ટ ક્લાસ, કોલેજમાં પણ ફર્સ્ટ ક્લાસ.

## યાદશક્તિ :

નીરુમાની યાદશક્તિ અને આઈ.ક્યુ. બહુ પાવરફૂલ હતા. પરીક્ષા વખતે કાયમ એમની બહેનપણી વાંચે અને એ પોતે પલંગમાં સૂતા સૂતા સાંભળે ! અને એ એમને બધું જ યાદ રહી જાય. એમને પોતાને વાંચવાની જરૂર જ ના પડે. એકવારમાં જ બધું યાદ રહી જતું !

## પર્સનાલિટી :

નાનપણથી જ તેઓ બહુ બોલ્ડ હતા. તેઓ તો કોઈનાથી ડરતા નહીં, ઉલ્ટું લોકો એમનાથી બહુ ડરતા. ખાસ કરીને કૉલેજમાં છોકરાઓ. કોઈ છોકરો ગમે તેમ જૂએ કે બોલે તો એને ખખડાવી નાખતા. એ એવું માનતા હતા કે 'હું અમીન કુટુંબની એટલે મારુ ચારિત્ર ખૂબ જ શુદ્ધ હોવું જોઈએ.'

નીરુમાની આવી બોલ્ડનેસના કારણે કોલેજમાં બધાએ એમનું નામ 'ભારતમાતા' પાડેલું.



## રમત :

નીરુમા નાના હતા ત્યારે લખોટી, ખો-ખો અને પકડા-પકડીની રમત રમતા. એમના ફાધરનું થિયેટર એમના ઘરની નજીક હતું. એના ગ્રાઉન્ડમાં જઈને આ બધી રમતો રમતા. એ ગ્રાઉન્ડમાં એક મોટો હોજ હતો. ત્યાં તેઓ એમના ભાઈઓ સાથે મજા કરતા.

## શોખ :

### કૂતરાનો શોખ:

નીરુમા અને એમના ભાઈઓને નાનપણમાં કૂતરાં બહુ ગમતાં. ગલીમાંથી નવા જન્મેલા ગલૂડીયાઓને ઘરે લઈ આવતા. આ જોઈ એમના મમ્મી અકળાતા અને પૂછતા કે આ 'બધાને કોણ સાચવશે?' તો નીરુમા અને એમના ભાઈઓ કહેતા કે 'અમે સાચવીશું.' એમ કહી રાખતા.

### ગાવાનો શોખ :

નીરુમાને નાનપણથી ગાવાનો બહુ શોખ. રેડિયોમાં લત્તા મંગેશકરનું ગીત આવે ત્યારે નીરુમા એ સાંભળતા સાંભળતા એની જોડે ગાય. એમને પણ એવું જ લાગતું કે એમનો અવાજ લત્તા મંગેશકર જેવો જ છે. એમના ભાઈ એમને બહુ ખીજાતા કે 'તું ભેંસાસૂર જેવું ગાય છે. બંધ કર અને મને લત્તા મંગેશકરને સાંભળવા દે.' છતાં તેઓ ગાતા જ.



## હનુમાનજી સાથે કનેક્શન !

નીરુમાને સ્કૂલે જતા હનુમાનજીનું મંદિર રસ્તામાં આવે. બીજે ક્યાંય નહીં, પણ હનુમાનજીના મંદિરે જઈ તેઓ રોજ પ્રાર્થના કરે, "હે ભગવાન, મને પહેલે નંબરે પાસ કરજો. મારે ડૉક્ટર થવું છે. સેવા કરવા માટે થવું છે, પૈસા કમાવવા નહીં." અને બીજી પ્રાર્થના કરે કે "હે ભગવાન, આખા જગતના લોકોને સુખી કરજો." એમ અંદર એવું બટન દબાયેલું હોય કે "આખા જગતમાં મારો નંબર તો આવી જ જાય ને !" ક્યારેક સ્કૂલે જવાનું મોડું થતું હોય તો ભગવાનને મનમાં જ કહી દે, "સોરી ભગવાન આઈ એમ લેટ ટુ ડે." અને રોજની પ્રાર્થના મનમાં બોલતા બોલતા પસાર થઈ જાય. પણ પ્રાર્થના અચૂક કરતા.

મેડીકલમાં એડમિશન લીધા બાદ નીરુમાએ જોયું કે જ્યારે કોઈ સીરિયસ ઓપરેશન કરવાનું હોય ત્યારે લેડી ડોક્ટર્સને અંદર બહુ ફફડાટ રહે. બધા જ સીરિયસ ઓપરેશન વખતે માનતા માને કે પેશન્ટ બચી જાય તો તેઓ હનુમાનજીને તેલ, નાળિયેર અને સિંદુર ચડાવશે. પણ નીરુમાએ આવી માનતા ક્યારેય નહોતી માની.



## સંસ્કૃત બહુ ગમતું !

નીરુમાને સંસ્કૃત વિષય બહુ ગમતો. સંસ્કૃતમાં માર્કસ પણ સારા આવતા હતા. લગભગ પંચાણું-સત્તાણું જેવા માર્ક્સ આવતા ! પણ તેઓને છ વર્ષની ઉંમરથી જ ડૉક્ટર બનવાના વિચારો આવ્યા કરતા હતા. એટલે, મેટ્રિક પછી સાયન્સની લાઈન લીધી અને સંસ્કૃત લેન્ગવેજનો ટચ જતો રહ્યો.


પૂર્ણ
બલ
ઓલ-
અન્નુ
બલ
ત્વ
નો
પોઝિ
ફ્લેક્સી
વિનય
ધારણ
કવિ
ટિવ
શક્તિ
રાઉન્ડ
વાત્સલ્ય
મૂર્તિ
પરમ



# ચાલો રમીએ...

નીરુમાના દિવ્ય ગુણોના અક્ષરો બાજુમાં આપેલા હાર્ટસમાં વેરાયેલા છે. બે હાર્ટસના અક્ષરો જોડી એક ગુણનો શબ્દ બનશે. તો ચાલો, ફટાફટ નવ ગુણોનું લીસ્ટ બનાવીએ. અને નીચે આપેલા ગુણોના વર્ણન સામે દરેક ખાલી જગ્યામાં યોગ્ય ગુણ લખીએ.

ટિવ, ઓલ, મૂર્તિ, બલ, ત્વ, પોઝિ, વિનય, કવિ, નો, ફ્લેકસી, વાત્સલ્ય, શકિત, બલ, પૂર્ણા, ધારણ, -રાઉન્ડ, અન્ન, પરમ

| ક્રમ | ગુણ | વર્ણન |
| --- | --- | --- |
| ૧ | ________ | પૂજ્ય નીરુમાના સંપર્કમાં જે કોઇપણ આવે તેને નીરુમાનું વાત્સલ્ય અનુભવાય જ. અને એમના પ્રેમથી એ સર્વ સમર્પણ કરી, એમની સાથે જોડાઇ જાય. |
| ૨ | ________ | પૂજ્ય નીરુમા ક્યારેય કોઇને પણ પ્રસાદી લીધા વિના જવા નહોતા દેતા. એમને ખબર પડવી જોઇએ કે આને આ ભાવે છે કે તરત જ એવા જ ટેસ્ટનું જાતે બનાવીનેય ખવડાવતા. |
| ૩ | ________ | પૂજ્ય નીરુમા એકદમ ફ્લેકસીબલ હતા. કોઇપણ બાબતમાં એમણે ક્યારેય પક્કડ પકડી નહોતી. |
| ૪ | ________ | પૂજ્ય નીરુમાનું મન નાનપણથી જ રાજેશ્રી હતું. કોઇ કહે કે આ વસ્તુ બહુ સરસ છે, તો નીરુમા તરત જ એને એ વસ્તુ આપી દે. |
| ૫ | ________ | નાનપણથી જ પૂજ્ય નીરુમાની ગજબની ધારણ શકિત હતી. કોઇપણ વાત એક જ વાર સાંભળતા એમને યાદ રહી જતી. |
| ૬ | ________ | પૂજ્ય નીરુમાની એવી વિશેષતા હતી કે ગમે ત્યારે, ગમે તે વ્યક્તિ માટે કે ગમે તે બાબત માટે, ગમે તે શબ્દ આપો ને, તો એને છંદ, રાગ, તાલમાં ગોઠવીને આખું ભકિત પદ લખી શકતા હતા. |
| ૭ | ________ | જેમ હનુમાનજીને શ્રી રામ ભગવાન પ્રત્યે અનન્ય પ્રેમ ભકિત અને પરમ વિનય હતો, એવો જ પરમ વિનય નીરુમાને દાદાશ્રી પ્રત્યે હતો. |
| ૮ | ________ | પૂજ્ય નીરુમા કોઇપણ કપરા સંજોગોમાં છેલ્લી ઘડી સુધી પોઝિટિવ જ રહે. જેથી કુદરત પણ એમને સાથ આપે અને રીઝલ્ટ પોઝિટિવ જ આવે. |
| ૯ | ________ | પૂજ્ય નીરુમા પાસે ઘણા પ્રકારની કુશળતા હતી. તેઓ કવિયત્રીની જેમ રચનાય કરે અને લીડરની જેમ મિશન પણ આગળ વધારે. સેવકની જેમ સેવાય કરે અને જ્ઞાનીની જેમ જ્ઞાનેય પીરસે. |

# My Daily Task

| | | | |
|---|---|---|---|
| 1 ફ્રેન્ડસ સાથે પોતાની વસ્તુ શેરિંગ કરીશ. | 2 મમ્મી-પપ્પા ને હેલ્પ કરીશ. | 3 વડીલોને પગે લાગીશ. | 4 કોઈ એક આરતી કરીશ. |
| 5 ફ્રેન્ડ સાથે ઝઘડો નહીં કરું | 6 આજે હું ખોટું નહીં બોલું. | 7 આજે મોબાઈલ Use નહીં કરું. | 8 વડીલોને હેલ્પ કરીશ. |
| 9 ૩૦ મીનીટ જ ટી.વી. જોઈશ. | 10 ચાલુ ક્લાસે વાતો નહીં કરું. | 11 મંદિરે જઈશ. | 12 ફેમિલી સાથે ગેમ્સ રમીશ. |
| 13 પ્લાન્ટને પાણી આપીશ. | 14 ફ્રેન્ડ્સના ગુણોના વખાણ કરીશ. | 15 જમતી વખતે વાતો નહીં કરું. | 16 ૫ વાર ત્રિમંત્ર બોલીશ. |

**17** ગાર્ડનમાં રમવા જઈશ.

**18** નવું ક્રાફ્ટ બનાવીશ.

**19** આજે જે પણ જમવાનું હશે તે રાજી-ખુશીથી જમીશ.

**20** સ્કૂલબેગ સાફ કરીશ.

**21** પશુ-પક્ષીઓને ખાવાનું આપીશ.

**22** ડાન્સ કરીશ.

**23** વીજળી (પાવર) નો બચાવ.

**24** ભૂલોની માફી માંગીશ.

**25** રસ્તા પર દેખાતો કચરો સાફ કરીશ.

**26** ટીચરને પગે લાગીશ.

**27** રાજી-ખુશીથી મારાથી કોઈ જીવ જંતુની હિસાં ના થાય તેનું ખાસ ધ્યાન રાખીશ.

**28** જમીને થાળી ઉપાડીશ.

**29** નાહીને બાથરૂમ ધોઈશ.

**30** મમ્મીને રસોઈમાં મદદ કરીશ.

**31** મને જે હેલ્પ કરે તેને Thank You Card આપીશ.



1 year challenge - નીરુમાના birthday ના મહિનામાં કંઇક નવું નક્કી કરીએ. આજથી એક વર્ષ સુધી આપણે દરરોજ કોઇ એક નાનું task કરીને સુખની દુકાન ખોલીશું. અહીંયા કુલ ૩૧ જુદા જુદા task આપેલા છે. તો ચાલો આપણે દરરોજ એક વર્ષ સુધી રોજ એક નવું task કરીને આ 1 year challenge ચેલેન્જ પૂરી કરીએ!

કૌંસમાં લખેલા શબ્દના અક્ષરોને બરાબર ગોઠવી શબ્દ બનાવો અને નીચે વર્ણવેલી ભાવનાઓના વાક્યોની ખાલી જગ્યામાં એ શબ્દ લખો.

# ચાલો રમીએ...



૧.
દાદાશ્રીની ભાવના હતી કે લોકોના ધર્મ-સંપ્રદાયના મતભેદો મટે, માટે ---------------- (ક્ષ તી પા ષ્પ નિ) ત્રિમંદીરોનું નિર્માણ થાય. આ ભાવના નીરુમાના માર્ગ-દર્શન હેઠળ સાકાર થઇ.

૨.
દાદાશ્રીની ભાવના હતી કે મોક્ષના ધ્યેયવાળા બધા જ મહાત્માઓ સાથે રહી શકે, એવું કોઇ નગર હોય. નીરુમાએ દાદાશ્રીની આ ભાવનાને અડાલજમાં ---------------- (ધ મં ર સી) --------- (ટી સી) રૂપે સાકાર કરી.

3.
નીરુમાએ મોટા મોટા તીર્થધામોમાં યાત્રાઓ યોજી મહાત્માઓને ભક્તિ કરાવી. દાદાશ્રી કહેતા 'અમને કાશ્મીર જવું ગમે.' નીરુમાએ મહાત્માઓને ---------------- (શ્મી ર કા) ની જાત્રા કરાવી દાદાની ભાવના પૂરી કરી.

૪.
દાદાશ્રીની ભાવના હતી કે ઠેર ઠેર સીમંધર સ્વામીની ભજના થાય. નીરુમાએ તમામ ધર્મ-સંપ્રદાયના લોકોને સીમંધર સ્વામીની સાચી ---------------- (ણ ળ ખા ઓ) કરાવી અને લોકોના ઘેર સીમંધર સ્વામીની મૂર્તિની સ્થાપના કરાવી.

૫. નીરુમાએ દાદાશ્રીને ચૌદ ---------------- (ણી પ્ત વા આ) તૈયાર કરવાનું પ્રોમિસ આપેલું, તે નીરુમા પૂરું કરીને રહ્યા.

જાણો છો કે નીરુમાએ આજની યંગ જનરેશનનો સ્ટડી કરી, એમના માટે શું કહ્યું છે ? ચાલો, નીચે આપેલી ચાવીનો ઉપયોગ કરી, નીરુમાએ કહેલા શબ્દ ડીકોડ કરીએ.

| A | B | C | D | E | F | G | H | I | J | K | L | M | N | O |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ડા | ત | ઠ | ન | ચ | ષા | રુ | પ્યો | વ | ટ | દે | ર | પ | ન્ડ | ઊં |



એમનામાં ઘણી બધી ___(O)ચી વસ્તુઓ છે, સીધા ___(K) ___(I)ગતિમાંથી ઊતરેલા એવા ___(H)ર છે, એમનામાં મા___(G) -તા___(G). કપ___(J)-જૂ___(C) કોઈને છે___(B)રી લઉં એ, આ જનરેશનમાં આ ક ___(E)રો નહીં જોવા મળે, ક ___(F)ય, વે ___(L) -ઝે ___(L)એવું નહીં મળે. બધા ઓ ___(M)ન માઈ___(N)વાળા, હેલ્ધી માઈ___(N)ની જનરેશન છે.



મુંબઈમાં ૧૧૨મી જન્મજંયતી વખતે, વરસાદના અણધાર્યા આગમનથી ઘણી તકલીફો સર્જાઈ હતી. ઘણાં બધા મહાત્માઓને ઘણી ઘણી રીતે એડજેસ્ટમેન્ટ લેવા પડ્યા હતા. પણ એ પ્રસંગો મહાત્માઓ માટે યાદગાર બની ગયા કારણ કે જ્ઞાનના પાવર સાથે સાથે તેઓએ જ્ઞાનીનો રાજીપો પણ મેળવ્યો. મિત્રો, શું તમારી પાસે અથવા તમારા પેરેન્ટ્સ પાસે જન્મજંયતીના એવા યાદગાર પ્રસંગો છે? તમારા અનુભવો અમારી સાથે ચોક્કસ Share કરજો...

email : akramexpress4kids@gmail.com



# મીઠી યાદેં

ફ્રેન્ડસ, લગભગ તમારી જ ઉંમરના હોઈશું, જ્યારે અમે નીરુમાને ફર્સ્ટ ટાઈમ મળ્યા. આજે અમે સહુ જુદી જુદી ફિલ્ડ્સમાં કાર્યરત છીએ. અમારામાંથી કોઈ ડૉક્ટર છે તો કોઈ કોલેજ પ્રોફેસર, કોઈ ડેન્ટીસ્ટ છે તો કોઈ ક્રિએટીવ હેડ. અમારી સક્સેસ એ નીરુમાના પ્રેમભર્યા ઘડતરનું જ પરિણામ છે. નીરુમા સાથેની અમારી મીઠી મેમરીઝ, અમારું સૌથી અમૂલ્ય ટ્રેસર છે. અમારા અમૂલ્ય ટ્રેસરના અમુક રત્ન તમારી સાથે શેર કરીએ.

હું પાંચ વર્ષની હતી ત્યારે નીરુમાને પહેલી વાર મળી. ત્યારથી જ શી વોઝ એવરીથીંગ ફોર મી.નીરુમા એટલે મારા માટે સહુથી ઉપર.

## આ જ તારા મામાનું ઘર

ફર્સ્ટ ટાઈમ દાદા દર્શન ગઈ, ત્યારે નીરુમાએ મને બોલાવી. તે દિવસોમાં મારા નાના-નાની ત્યાં શિફ્ટ થયા હતા. દાદા-દર્શનમાં નીરુમા સાથેની મારી મુલાકાત આજે પણ મારા દિલમાં એટલી જ ફ્રેશ છે. નીરુમાએ મને પ્રેમથી કહ્યું, "વેકેશનમાં છોકરાઓ મામાના ઘરે જાય ને, તો હવેથી આ જ તારા મામાનું ઘર !" નીરુમાના આ શબ્દ મને ખૂબ જ ટચ કરી ગયા.

## મારી ઓપન-ડાયરી

નાનપણમાં મને બહુ જ બોલવાની આદત હતી. પણ, કોઈને મારી વાતો સાંભળવામાં ઈન્ટરેસ્ટ નહોતો. મને યાદ નથી કે નીરુમાએ મને ક્યારેય ઈગ્નોર કરી હોય. તેઓ મારા માટે ઓપન ડાયરી હતા. મારી ગાંડી ઘેલી બધી જ વાતો તેઓ સાંભળતા.

## મારા માટે ટીફીન બનાવ્યું

સવારના સાડા છ વાગ્યા હતા. મારા મમ્મી ટીફીન માટે ભાખરીનું ચુરમું બનાવી રહ્યા હતા. નીરુમાએ આ જોયું અને બોલ્યા, "આજે હું બાળકો માટે નાસ્તો બનાવીશ." નીરુમાએ સવારના પહોરમાં મારા માટે ગરમા ગરમ પૌંઆ બનાવ્યા અને મને ટીફીનમાં પેક કરીને આપ્યા.

# નીરુમાએ લીધી સાઈન આમ



નાનપણમાં મને નખ વધારીને નેઈલ-પોલીશ કરવાનો બહુ જ શોખ હતો. પણ મમ્મી ક્યારેય નખ વધારવા ના દે. એક વખત ભૂલમાં વધી ગયા અને નીરુમાની નજરમાં આવ્યા. એમણે પ્રેમથી પૂછ્યું, "બહુ ગમે તને નખ વધારવાનું ?" મેં 'હા' કહી. મને સહેજ પણ વઢ્યા વગર એમણે સમજાવ્યું તે એનીમલ્સના નખ લાંબા હોય. પણ આપણે તો હ્યુમન્સ છીએ. લાંબા નખ રાખીએ તો નખમાં કચરો ભરાય અને એ જ હાથે ખાઈએ એટલે કચરો પેટમાં જાય. નેઈલપોલીશ પેટમાં જાય એ પણ સારું ના કહેવાય. અને પછી વ્હાલપૂર્વક મારી પાસે પ્રોમિસ માંગ્યું કે હું નખ નહીં વધારું અને નેઈલપોલીશ નહીં કરું. મેં નીરુમાને તરત 'હા' તો કહી દીધી. પણ આદત છૂટતા વાર લાગી. જેટલીવાર હું નેઈલપોલીશ લગાડું, એટલી વાર મને યાદ આવે કે નીરુમાને નહીં ગમે. અને બસ, ધીમે ધીમે મારી આદત છૂટી ગઈ.

આમ, પરાણે કે વઢીને નહીં, પણ લોજીકલી સમજાવીને નીરુમાએ મારી પાસેથી સાઈન લીધી અને મને ખરાબ આદતમાંથી છોડાવી.





# નીરુમાએ આપેલી પ્રેમ પ્રસાદી

આ મારો ફેવરીટ પ્રસંગ છે. મુંબઈમાં પર્યુષણ-પારાયણનો પ્રસંગ ચાલતો હતો. સત્સંગમાં મમ્મીએ નીરુમાંને કમ્પ્લેઈન કરી કે હું બરાબર ખાતી નથી. એટલી નાજુક દેખાઉં છું કે 8th સ્ટાન્ડર્ડમાં હોવા છતાંય એવી લાગતી નથી.

બન્યું એવું કે તે દિવસે એક આંટી નીરુમાં માટે સત્સંગમાં ઢોકળાં લાવ્યા હતાં. એક આપ્તપુત્ર ભાઈએ નીરુમાંને કહ્યું, "નીરુમાં સ્ટેજની પાછળ ઢોકળાંનો ડબ્બો પડ્યો છે." આ સાંભળી નીરુમાં રાજી થઈ ગયા અને મને સ્ટેજ પર બોલાવી. આપ્તપુત્ર ભાઈએ મને ઢોકળાંનો ડબ્બો આપ્યો અને એ લઈને હું નીરુમાં પાસે સ્ટેજ પર ગઈ.

નીરુમાંએ મને વહાલથી એમના હાથે ઢોકળું ખવડાવ્યું, હું નીરુમાંને ખવડાવવા ગઈ ત્યારે નીરુમાંએ મને પ્રેમથી કહ્યું કે ઢોકળાં ફક્ત તારા માટે જ છે. નીરુમાંએ ખવડાવેલું અડધું ઢોકળું મારા હાથમાં જ હતું જેવી હું સ્ટેજ પરથી નીચે ઉતરી, તો આગલી હરોળમાં બેઠેલા આંટીઓએ મારી પાસે નીરુમાં એ ખવડાવેલા ઢોકળાનો પ્રસાદ માંગ્યો બધાને હું થોડું થોડું આપવા લાગી. આ જોઈ, નીરુમાંએ કડકાઈથી આંટીઓને કહ્યું, "છોકરીને ખાવા દો. એના માટે જ છે આ પ્રસાદી" પછી મને પ્રેમથી કહ્યું, "મારી લાજ રાખજે અને હવે બરાબર ખાજે"

આ પ્રસંગ મારા હૃદયને જબરદસ્ત સ્પર્શી ગયો. નીરુમાંએ કરેલી કાળજી અને મને આપેલી પ્રેમ પ્રસાદી હું ક્યારેય નહીં ભૂલું.

# વાત્સલ્યના ઓપનીંગ વખતે...

તે દિવસે વાત્સલ્ય ખૂલ્યું હતું. નીરુમાએ અમને બધાને વાત્સલ્યમાં બોલાવ્યા હતા. અમે નીરુમાના રૂમની બહારના ગાર્ડન એરિયામાં એમની સાથે બેઠા હતા. નીરુમા બોલ્યા, "હવે તો મારું ઘર મોટું બની ગયું. તો ગંદુ પણ સહેલાઈથી થઈ જશે ને ? શું તમે બધા મને સાફ કરવામાં હેલ્પ કરશો ? મહિનામાં એકવાર આવજો." અમે બધી છોકરીઓએ કહ્યું, "હા, નીરુમા અમે આવીશુ." એક છોકરી બોલી, "નીરુમા, અમે મહિનામાં એકવાર નહીં, અઠવાડિયામાં એકવાર આવીશું"

"ખરેખર ?" નીરુમા ખુશ થઈ ગયા, "સારું ત્યારે, દર રવિવારે આવીને વાત્સલ્યની બારીઓ સાફ કરજો." અને બસ, ત્યારથી દર રવિવારે લગભગ સવારે દસ વાગે અમે વાત્સલ્યની બારીઓ સાફ કરવા જતા. સફાઈ કામ પતે, એટલી નીરુમા અમને એમની પાસે બોલાવે અને અમારી સાથે પંદર-વીસ મિનિટ વાતો કરે અને પછી અમને બધાને ચોકલેટ આપે.

આજે સમજાય છે કે એ સેવાનો અવસર આપી, નીરુમાએ અમને કેટલું બધું આપી દીધું.



# માય ફ્રેન્ડ નીરુ



## ડૉ. સવિતાબેન પાલટ (ઔરંગાબાદ)

***મેડીકલ કોલેજમાં નીરુમાની સૌથી ક્લોઝ ફ્રેન્ડે નીરુમા વિશે શું કહ્યું ? ચાલો, જાણીએ.***

"આઈ એમ સો ફોર્ચ્યુનેટ કે મુઝે નીરુ જૈસી ફ્રેન્ડ મીલી. અમે બહુ જ ક્લોઝ હતા. એક બીજા સાથે બધું જ શેર કરતા. એવું ક્યારેય બન્યું નથી કે અમારો ઝઘડો થયો હોય અને અમે એક બીજા સાથે વાતો કરવાનું બંધ કરી દીધું હોય. નીરુ તો ફ્રેન્ડસ માટે બધું જ કરી છૂટે એવી હતી. એનો હેલ્પીંગ નેચર હતો અને બધાં જ જોડે સરસ રીલેશન હતા. એનાટોમી વોર્ડના સર્વન્ટ જોડે પણ સારા રીલેશન હતા."

નીરુ ભણે તો ખરી, પણ સાથે સાથે બધા સાથે હસી-મજાક ટીખળ પણ કરે. એની કંપનીમાં સહુને મજા આવે. ખાસ વરસાદની સીઝનમાં અમે ભજીયા ખાઈએ. ઘણીવાર લીલા ચણા લાવી, સાયકલ પર બેસીને ખાતા.

**"નીરુ જેવી ફ્રેન્ડ તો ભાગ્યે જ મળે. દુનિયાની એ મધર હશે, પણ મારી તો એ ફ્રેન્ડ હતી અને ફ્રેન્ડ જ રહેશે."**

# પરમ પૂજ્ય દાદા ભગવાનના ૧૧૨મા જન્મજંયતી મહોત્સવની ઝલક















**પઝલના જવાબો:** ૧) વાત્સલ્યમૂર્તિ ૨)અન્નપૂર્ણા ૩) ફ્લેક્સીબલ ૪) નોબલ ૫) ધારણશક્તિ ૬) કવિત્વ ૭) પરમ વિનય ૮) પોઝિટિવ ૯) ઓલ-રાઉન્ડ

**નીરુમાએ કરી દાદાની ભાવનાઓ સાકાર :** ૧) નિષ્પક્ષપાતી ૨) સીમંધર સીટી ૩) કાશ્મીર ૪) ઓળખાણ ૫) આપ્તવાણી

Akram Express

December 2019
Year : 12, Issue : 4
Conti. Issue No.: 136

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકુળ) માં ધો. ૬,૭,૮ માં પ્રવેશ મેળવવા માટે




જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઇચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઇન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૬,૭ અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે જ થશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.



**સમય : સવારે - ૧૦.૦૦ થી ૧૨.૩૦ તથા**
**બપોર - ૩.૦૦ થી ૬.૩૦**
**ફોન - (૦૭૯) ૩૯૮૩૦૦૩૨,**
**મો. - ૯૯૨૪૩૪૪૪૮૧.**



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.